# બિલાડીએ રાજ્યમા શાતિ ફેલાવી

એક હતો ડોસો. એને ત્રણ દાકરા. ડોસો મરવા પડયો, ત્યારે ત્રણેય દીકરાઓને એણે પાસે બોલાવી કહ્યુ : મારી પાસે મિલકતમા એકમાત્ર આ ઝૂપડુ છે, અને આ માછલા પકડવાની જાળ છે, એક કુહાડી છે, ને એક બિલાડી છે. એ ત્રણે જણ વહેચી લેજો, ને મહેનતમજૂરી કરી પેટ ભરજો.

ડોસો મરી ગયો. ત્રણે ભાઈઓ ડોસાની મિલકતના ભાગ પાડવા બેઠા. મોટાએ જાળ લીધી, વચલાએ કુહાડી લીધી, અને નાનાએ બિલાડી લીધી.

ત્રણે ભાઈ  સાથે ઝૂપડીમા રહે. મોટા ભાઈ માછલા પકડવા જાય. વચલો ભાઈ જગલમા લાકડા ફાડવા જાય, અને નાનો ભાઈ ઘેર રહે અને બિલાડી સાથે રમ્યા કરે, તથા મોટાભાઈઓ થાક્યા–પાક્યા ઘેર આવે ત્યારે એમને રોટલા ટીપી ખવડાવે.

એમ કરતા ઘણા દિવસ વહી ગયા. એક દિવસ નાનાભાઈને મનમા થયુ. ‘હુ આમ બેઠો બેઠો પારકાના પરસેવાનો રોટલો ખાઉ એ ઠીક નહિ.’

એણે મોટા ભાઈને અને વચલા ભાઈને કહ્યુ : ‘મારે દેશાવર કમાવા જવ છે.’

બને મોટાભાઈ આ સાભળી હસવા લાગ્યા. તેમણે બહુયે ના પાડી. પણ નાના ભાઈએ એમનુ કહેવુ માન્યુ નહિ, અને એ તો એની બિલાડીને સાથે લઈ ઊપડયા પરદેશ કમાવા.

જતા જતા એક ગામ આવ્યુ, પણ નાનો ભાઈ ત્યા થોભ્યો નહિ. બીજુ ગામ આવ્યુ, પણ નાનો ભાઈ તો આગળ ને આગળ ચાલ્યો.

એમ કરતા કરતા, ઘણે દહાડે એક મોટા ગામમા એ આવી પહોચ્યો. એ શહેરમા ઉદરનુ એટલુ બધુ જોર કે ન પૂછો વાત !

ખેતરમા ડૂડા ઊભા થાય ન થાય ત્યા તો ઉદરમામા સાફ કરી જાય !

રાતે ગોદડા પાથરીને સૂઈ જાઓ, ને સવારે ઊઠીને જુઓ, તો ગોદડાના ગાભા થઈ ગયા હોય !

ઉદર, નિરાતે ખાવાયે ન દે. નાના છોકરાના તો આખા આખા ખાણા ઉદરમામા હોઈયા કરી જાય, અને રાધનારી જરી આડુ–અવળુ જુએ એટલામા તો થાળીમાથી રોટલો ઉપાડી ભાગી જાય !

ઢાક્યુ તો કઈ રહેવા જ ન દે ! કૂદે એવા કે જાણે દેડકા કૂદે ! ચ ચ ચૂ એવુ કરે કે જાણે ફોજ લડવા આવી હોય !



નાના છોકરા નિશાળે જવા કપડા પહેરે, તો એના ગજવામાથી બેચાર ઉદરડા નીકળે જ ! ખાઈ પીને નિરાતે સૂતા હોય !

મોટેરાઓ, ઓફિસે કે દુકાને જવા જોડા પહેરવા જાય, તો જોડામા, બે ઉદરડા ચૂચૂચૂ કરી બાઝતા હોય !

અને ઓફિસમા પણ શુ ? જ્યા જુઓ ત્યા ઉદરમામા પૂછડી ફરકાવતા ફરતા હોય કે ઘોરતા હોય. અરે ! સિપાઈદાદાની બદૂકોની નાળમા પણ ઉદરમામા ભરાઈ બેઠા હોય !

આમ આખુ શહેર ઉદરોના આ ત્રાસથી કાયર કાયર થઈ ગયુ હતુ. તોબા પોકારી ગયુ હતુ.

ગામના ઠાકોરની પણ એવી જ દશા ! એની સાત માળની હવેલીમાયે ઉદરમામાનુ તો એવુ જ જોર ! કેમે કર્યા ઉદર ઘટે જ નહિ, ઉલટા વધતા જ જાય.

નાનો ભાઈ આ ગામમા આવી પહોચ્યો. એક જગાએ કેટલાક માણસો ટોળુ વળીને બેઠા હતા, તેમને કોઈએ કદી બિલાડી જોઈ નહોતી એટલ સૌ એ નવાઈના પ્રાણીને જોઈ રહ્યા. ત્યાથી નાનો ભાઈ સીધો જ ગામના ઠાકોરને ત્યા ગયો. નીચા નમી તેણે ઠાકોર સાહેબને સલામ કરી.

નાનો ભાઈ કહે : ‘મહારાજ ! તમારા આખા મહેલમાથી ઉદરો સાફ કરી નાખુ, બોલો ! શુ આપશો ?

પહેલા તો નાનકડા છોકરાને આવો સવાલ પૂછતો જોઈને ઠાકોર ગભીર થઈ ગયો અને પછી ઠાકોર કહે : ‘જે માગો તે આપુ !’

નાનો ભાઈ કહે : ‘સો ઘોડા, સો ગાયો અને એક કોથળી સોનામહોરો, છે કબૂલ !

ઠાકોર કહે : ‘કબ‌ૂલ !’

નાના ભાઈએ તો બિલાડીને છુટી મૂકી દીધી. પછી જોઈ લ્યો ખેલ ! જ્યા બિલાડી છુટી ત્યા ઉદરમામા જાય ભાગ્યા ! જે પકડાઈ ગયા તે મૂઆ ! જોતજોતામા તો બિલાડીએ આખા મહેલના ઉદરો સાફ કરી નાખ્યા. ઠાકારને હાશકારો થઈ ગયો !

ખાધેલુ ખૂબ એટલે બિલાડીને તરસ ખૂબ લાગેલી, પણ એને કોણ પાણી પાય ? કોઈ સમજે તો ને ? આથી ક્યાય એને પાણી પીવા મળ્યુ નહિ. એ તો આમથી તેમ દોડાદોડ કરવા લાગી. અને તરસની પીડાથી ‘મ્યાઉ ! મ્યાઉ ! મ્યાઉ’ કરવા લાગી.

ઠાકોર ને એના નોકરચાકર કોઈએ કદી આવુ મ્યાઉ સાભળેલુ નહિ, એટલે બધા બી ગયા !

પ્રધાન બધામા અક્કલવાળો હતો, તેણે કહ્યુ : ‘આ પ્રાણીને હુ જાણુ છુ. એ રાક્ષસ છે ! આટલા ઉદર ખાધા છતા એ રાક્ષસ ધરાયો નથી, ને હવે એ આપણને ખાઈ જવાન કહે છે !’

સૌએ પછી બિલાડીને પકડવાનો વિચાર કર્યો, પણ બિલાડી પકડાઈ નહિ. તરસની મારી હવે એ જોરથી ‘મ્યાઉ ! મ્યાઉ ! મ્યાઉ’ કરતી દાડતી મહેલની બહાર ભાગી. વચ્ચે તેને જે જે ઉદર મળે તેને મારતી ચાલી, અને ઉદરોમા હાહાકાર ફેલાઈ ગયો ! અને બધા ઉદરો ગામ મૂકીને ટપોટપ નદીમા પડવા લાગ્યા અને થોડાક સમયમા તો રાજ્યમાથી ઉદરોનો એકડો ભૂસાઈ ગયો.

ઠાકોરના હુકમથી કેટલાક શૂરવીરો ધોકા લઈને બિલાડીની પાછળ પડયા હતા. તેમણે રાજાને આ માહિતી આપી કે ઉદરો ભાગી ગયા !

ઠાકોર કહે : ‘હાશ ! ઉદરોની પીડા ટળી ! પણ રાક્ષસ, ઉદરને ખાઈ ગયો તેમ આપણનેય ખાઈ જાત !’

ઠાકોરે નાના ભાઈને કબૂલ્યા પ્રમાણે સો ઘોડા, સો ગાયો ને એક કોથળી સોનામહોરો આપી.

નાના ભાઈએ ઠાકોરને બિલાડી રાખી લેવાનુ કહ્યુ, પણ રાજા કહે : ‘એ રાક્ષસ મારે ન જોઈએ, મારા રાજ્યમાય ન જોઈએ.’

નાનોભાઈ બિલાડીને લઈ વાજતે ગાજતે ઘેર પાછો આવ્યો. ત્રણે ભાઈઓએ ખાધુપીધુ ને મોજ કરી.

– રમણલાલ સોની

■